GJJM100001192016

सत्यमेव जयते

દાખલ તારીખ : ૧૫/03/૨૦૧૬
નોંધણી તારીખ: ૧૫/03/૨૦૧૬
ફેંસલ તારીખ : ૨૨/૦૪/૨૦૨૬
સમય ગાળો : વર્ષ-મહીના-દીન
૧૦-૦૧-૦૬

માનનીય ધ્રોલ ના જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટ સમક્ષ, સ્થળ ધ્રોલ.

આંક :-

ફરિયાદી :- પી.એમ.મકવાણા

ફુડ સેફટી ઓફીસર

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર

જામનગર.

વિરુદ્ધ

આરોપીઓ :- (૧) જગદીશભાઈ ઉર્ફે ગણેશભાઈ ઠાકરશીભાઈ ચણિયારા

સરનામુ : ધરતી ટ્રેડીંગ,

શાકમાર્કેટ પાસે, જામનગર રોડ, ધ્રોલ.

(૨) સંજયભાઈ વ્રજલાલ મદલાલી

ગાયત્રી એજન્સી

સરનામુ : C/O દેવકરણ નરશીભાઈ એન્ડ કંપની

પરા બજાર મેઈન રોડ, ઓધવજી વાલજી શેરી, રાજકોટ.

(3) બાબુભાઈ જીવરામ ભાનુશાલી

સરનામુ : ઓટીસી સ્પાઇસીસ પ્રા. લિમિટેડ

પ્લોટ નંબર ૧૨૭, જી.આઇ.ડી.સી. એસ્ટેટ,

માંડવી, જીલ્લો કચ્છ.

રહે. ગોકુલ વાટીકા બંગલો નંબર ૪, સી.એસ.રોડ

આનંદ નગર, દહીંસર (પુર્વ), મુંબઈ.

(૪) ભરત બાબુભાઈ ભાનુશાલી

સરનામુ : ઓટીસી સ્પાઇસીસ પ્રા. લિમિટેડ

પ્લોટ નંબર ૧૨૭, જી.આઇ.ડી.સી. એસ્ટેટ,

માંડવી, જીલ્લો કચ્છ.

રહે. ગોકુલ વાટીકા બંગલો નંબર ૪, સી.એસ.રોડ

આનંદ નગર, દહીંસર (પુર્વ), મુંબઈ.

(૫) અરવિંદ બાબુભાઈ ભાનુશાલી

સરનામુ : ઓટીસી સ્પાઇસીસ પ્રા. લિમિટેડ

પ્લોટ નંબર ૧૨૭, જી.આઇ.ડી.સી. એસ્ટેટ,

માંડવી, જીલ્લો કચ્છ.

રહે. ગોકુલ વાટીકા બંગલો નંબર ૪, સી.એસ.રોડ

આનંદ નગર, દહીંસર (પુર્વ), મુંબઈ.

(૬) શંભુલાલ જીવરામ ભાનુશાલી

સરનામુ : ઓટીસી સ્પાઇસીસ પ્રા. લિમિટેડ

પ્લોટ નંબર ૧૨૭, જી.આઇ.ડી.સી. એસ્ટેટ,

માંડવી, જીલ્લો કચ્છ.

રહે. ગોકુલ વાટીકા બંગલો નંબર ૪, સી.એસ.રોડ

આનંદ નગર, દહીંસર (પુર્વ), મુંબઇ.

(૭) ઓટીસી સ્પાઈસીસ પ્રા. લિમિટેડ

પ્લોટ નંબર ૧૨૭, જી.આઇ.ડી.સી. એસ્ટેટ,

માંડવી, જીલ્લો કચ્છ.

રહે. ગોકુલ વાટીકા બંગલો નંબર ૪, સી. એસ. રોડ

આનંદ નગર, દહીંસર (પુર્વ), મુંબઇ.

ગુન્હો :- ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ ૨૦૦૬ ની કલમ 3 (૧) (zz) (vii) મુજબ અનસેફ તથા કલમ 3(૧)(zx) મુજબ સબ સ્ટાન્ડર્ડ ખાધ્યચીજ નુ ઉત્પાદન/પેકીંગ/સંગ્રહ/ ડીસ્ટ્રીબ્યુશન/વેચાણ બદલ કલમ ૨૬(૧), ૨૬(૨)(i), ૨૬(ii), ૨૭(ii), ૨૭(૧), ૨૭(૨)(c) મુજબનો ભંગ કરી કલમ ૫૧ અને ૫૯ મુજબ.

........................................................................................................................

| | | |
|---|---|---|
| ફરીયાદી તર્ફે | :- | વિદ્વાન એ.પી.પી શ્રી આર. એસ. રામાણી |
| આરોપીઓ તર્ફે | :- | વિદ્વાન વકીલશ્રી એમ.ડી.મોદી |

........................................................................................................................

**-: જજમેન્ટ :-**

ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત ........................................................................4

આરોપીઓના જવાબ તથા નિવેદન ........................................................................4

પુરાવો ........................................................................................................ 5

દલીલો ........................................................................................................ 10

મુદ્દાઓ ........................................................................................................ 14

નિર્ણયો ........................................................................................................ 14

કારણો ........................................................................................................ 14

આખરી હુકમ ........................................................................................................ 31

## 1. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત :-

1.1. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, હાલના કેસના આરોપીઓએ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ ૨૦૦૬ ની કલમ ૩(૧)(zz) (vii) મુજબ અનસેફ તથા કલમ ૩(૧)(zx) મુજબ સબ સ્ટાન્ડર્ડ ખાદ્યચીજ નુ ઉત્પાદન / પેકીંગ / સંગ્રહ / ડીસ્ટ્રીબ્યુશન /વેચાણ બદલ કલમ ૨૬(૧), ૨૬(૨)(i), ૨૬(ii), ૨૭(ii), ૨૭(૧), ૨૭(૨)(c) મુજબનો ભંગ કરી કલમ ૫૧ અને ૫૯ મુજબનો ગુનો કરેલ હોઈ હાલની ફરીયાદ કરેલ છે.

## 2. આરોપીઓના જવાબ તથા નિવેદન :-

2.1. હાલના કામે આરોપીઓ સામે ઉપરોકત જણાવેલ ગુના મુજબના શિક્ષાપાત્ર ગુના સબબની ફરિયાદના આધારે આરોપીઓને સામે પ્રોસેસ ની બજવણી થતા આરોપીઓ અદાલતમાં હાજર થતા આરોપીઓનુ નિવેદન આંક ૭૫ થી ૮૧ સુધી

લેવામાં આવેલ છે, જેમાં તેઓએ ગુનાનો ઈન્કાર કરેલ હોય હાલનો કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ હતો.

## 3. પુરાવો :-

3.1. ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ તહોમત પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

-: મૌખિક પુરાવો :-

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પ્રિતેશ કુમાર મનુભાઈ મકવાણા | ૮૭ |

-: દસ્તાવેજી પુરાવો :-

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | નોટીફાઈડ ફુડ સેફટી ઓફીસર અંગેનુ જાહેરનામુ | ૮૮ |
| ૨ | પેઢીનુ પી.એફ.એ. મુજબ નુ જુનુ લાયસન્સ | ૮૯ |
| 3 | પેઢીનુ વેચાણ વેરા લાયસન્સ | ૯૦ |
| ૪ | ફોર્મ નંબર ૫ મુજબ નમુનો લીધેલ તેની સ્થળપ્રત | ૯૧ |
| ૫ | ફોર્મ નંબર ૫ મુજબ નમુનો લીધેલ તેની રકમ ચુકવેલ તેની પાવતી | ૯૨ |
| ૬ | નમુના ઓ સીલ કરી તેના પર લેબલ ચોટાડેલ તે લેબલ ની સ્થળપ્રત | ૯૩ |

| | | |
|---|---|---|
| ૭ | અસલ પંચ રોજકામ | ૯૪ |
| ૮ | ફૂડ એનાલીસ્ટ, વડોદરાને નમુનો એસ.ટી પાર્સલ થી મોકલેલ તેની રસીલ તા.૨૩/03/૨૦૧૫ | ૯૫ |
| ૯ | એસ.ટી પાર્સલની પહોંચ | ૯૬ |
| ૧૦ | ફૂડ એનાલીસ્ટ ને રજી.પો.એડી થી મોકલેલ (સ્પેશીમેન સીલ ઈમ્પ્રેશન સહિત) ના પત્રની નકલ તા.૨૪/03/૨૦૧૫ અને તેની પોસ્ટલ એક્નોલેજમેન્ટ સ્લીપ | ૯૭ |
| ૧૧ | આર.પી.એડીની પહોંચ | ૯૮ |
| ૧૨ | ફુડ એનાલીસ્ટને મળ્યા અંગેની પહોંચ | ૯૯ |
| ૧૩ | નમુનો લીધાની જાણ કરતી ફોર્મ ૫ એ ની નોટીસ | ૧૦૦ |
| ૧૪ | આર.પી.એડીની પહોંચ | ૧૦૧ |
| ૧૫ | ફેર પૃથ્થકરણ માટે લખેલ પત્રની નકલ | ૧૦૨ |
| ૧૬ | પૃથ્થકરણ અહેવાલ | ૧૦3 |
| ૧૭ | નમુનાના બાકી રહેલ ત્રણ ભાગો ડીઓ.શ્રી તેમા ઠરાવેલ તે અંગેનો પત્ર | ૧૦૪ |
| ૧૮ | આરોપી નંબર ૧ પાસેથી પેઢીની બંધારણ અંગેની માહિતી મોકલવા અંગેનો પત્ર | ૧૦૫ |
| ૧૯ | આર.પી.એડીની પહોંચ | ૧૦૬ |

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**ધ્રોલ.**

| | | |
|---|---|---|
| ૨૦ | આરોપી નંબર ૭ પેઢીના ઉત્પાદક પાસેથી પેઢીના બંધારણ અંગેની માહિતી મોકલવા અંગેનો પત્ર | ૧૦૭ |
| ૨૧ | આર.પી.એડીની પહોંચ | ૧૦૮ |
| ૨૨ | આરોપી નંબર ૧ ની પાસેથી પેઢીની બંધારણ અંગેની માહિતી મોકલવા અંગેનો પત્ર | ૧૦૯ |
| ૨૩ | આર.પી.એડીની પહોંચ | ૧૧૦ |
| ૨૪ | આરોપી નંબર ૭ પેઢીના ઉત્પાદક પાસેથી ફરીથી પેઢીના બંધારણ અંગેની માહિતી મોકલવા અંગેનો પત્ર | ૧૧૧ |
| ૨૫ | આર.પી.એડીની પહોંચ | ૧૧૨ |
| ૨૬ | આરોપી નંબર ૨ ની પાસેથી પેઢીની બંધારણ અંગેની માહિતી મોકલવા અંગેનો પત્ર | ૧૧૩ |
| ૨૭ | આર.પી.એડીની પહોંચ | ૧૧૪ |
| ૨૮ | આરોપી નંબર ૨ ને આર.પી.એડીની મોકલેલ ફોર્મ ૫ એ ની નોટીસ | ૧૧૫ |
| ૨૯ | આર.પી.એડીની પહોંચ | ૧૧૬ |
| ૩૦ | આરોપી નંબર ૧ નાઓએ આરોપી નંબર ૨ પાસેથી માલ ખરીદ કરેલ તેનુ બીલ પત્ર સાથે મોકલેલ તે પત્ર | ૧૧૭ |
| ૩૧ | આરોપી નંબર ૨ નાઓએ ઉત્પાદક પાસેથી ખરીદ કરેલ બીલ પત્ર સાથે મોકલેલ તે પત્ર | ૧૧૮ |
| ૩૨ | ફુડ લાઈસન્સ મેળવવા માટે કરેલ અરજીની નકલ | ૧૧૯ |

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**ધ્રોલ.**

| | | |
|---|---|---|
| ૩૩ | ઉત્પાદક પેઢીને ત્રીજીવાર બંધારણની માહિતી મોકલવા બાબતે લખેલ પત્ર | ૧૨૦ |
| ૩૪ | આર.પી.એડીની પહોંચ | ૧૨૧ |
| ૩૫ | પેઢીનુ લાઈસન્સ તથા ઉત્પાદક પેઢીના ડાઈરેકટરશ્રીઓના નામ દર્શાવતુ પત્ર તેમ પેઢીનુ બંધારણ | ૧૨૨ |
| ૩૬ | પેઢીનુ લાઈસન્સ તથા ઉત્પાદક પેઢીના ડાઈરેકટરશ્રીઓના નામ દર્શાવતુ પત્ર તેમ પેઢીનુ બંધારણ | ૧૨૩ |
| ૩૭ | પેઢીનુ લાઈસન્સ તથા ઉત્પાદક પેઢીના ડાઈરેકટરશ્રીઓના નામ દર્શાવતુ પત્ર તેમ પેઢીનુ બંધારણ | ૧૨૪ |
| ૩૮ | ડીઓ.શ્રી દ્વારા કોર્ટ કેસ કરવા માટે લખેલ પત્ર | ૧૨૫ |
| ૩૯ | આરોપી નંબર ૨ નાઓ પાસેથી ફુડ લાઈસન્સ મંગાવવા અંગેનો પત્ર | ૧૨૬ |
| ૪૦ | આર.પી.એડીની પહોંચ | ૧૨૭ |
| ૪૧ | આરોપી નંબર ૨ ને મોકેલેલ ફેર પૃથ્થકરણની નોટીસ | ૧૨૮ |
| ૪૨ | આરોપી નંબર ૨ નાને મોકલેલ ફુડ લાઇસન્સની નકલ સાથેનો પત્ર | ૧૨૯ |
| ૪૩ | ફરીયાદ દાખલ કરવા જરૂરી મંજુરી આપવા તા.૧૯/૦૯/૨૦૧૫ ના પત્ર થી ડી.ઓ.શ્રી ને જરૂરી દસ્તાવેજી કાગળોની નકલો સાથે લખેલ પત્ર | ૧૩૦ |
| ૪૪ | ડી.ઓ.શ્રી એ નાયબ કમિશ્નરશ્રી (ફુડ) ગાંધીનગરને જરૂરી મંજુરી મંગાવવા સારૂ પત્ર મુકી આપેલ જેના અનુસંધાને | ૧૩૧ |

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**ધ્રોલ.**

| | | |
|---|---|---|
| | નાયબ કમિશ્નરશ્રી(ખોરાક), ગાંધીનગર નાઓએ તેઓના તા.૨૩/૦૨/૨૦૧૬ ના પત્ર સાથે મંજુરી આદેશ મોકલેલ જે ફોરવર્ડીંગ પત્ર રજુ | |
| ૪૫ | મંજુરી આદેશ | ૧૩૨ |
| ૪૬ | કમિશ્નરશ્રી ઓફ ફુડ સેફટી દ્વારા કેસ દાખલ કરવા મંજુરી માટે નાયબ કમિશ્નરશ્રી (ખોરાક) સત્તા સોપવાનો કરેલ હુકમ | ૧૩૩ |

**4.** ફરીયાદપક્ષનો ઉપરોકત પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષ તરફે આંક ૧૪૮ થી કલોઝીંગ આપી પોતાનો પુરાવો પુર્ણ થયા અંગેનુ જાહેર કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ ના ઉપરોકત તમામ પુરાવા બાબતે આરોપીઓનું ફોજદારી કાર્યરીતિ સંહીતા ની કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓ હાજર રહી શકેલ ન હોઇ આરોપીઓની ગેરહાજરીનો માફી રીપોર્ટ મંજુર કરવામાં આવેલ હોઇ આરોપીઓ ના વિદ્વાન વકીલ શ્રી એ આરોપીઓ વતી વિશેષ નિવેદન આપેલ છે અને જણાવેલ છે કે, આરોપીઓ સામેના પુરાવા ખોટો છે તથા વિશેષ માં તેઓએ જણાવેલ છે કે, આરોપીઓ નિર્દોષ છે અને તેઓની પર ખોટી રીતે કેસ કરવામાં આવેલ છે. વધુમાં આરોપીઓ તરફે જુબાની આપવાનો અને સાક્ષીઓ તપાસવાનો ઇનકાર કરવામાં આવેલ છે જેથી હાલનો કેસ દલીલો પર રાખવામાં આવેલ છે.

## 5. દલીલો :-

5.1. ફરીયાદપક્ષ તરફે દલીલો :-

ફરીયાદપક્ષ તરફે વિદ્વાન આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીકયુટર શ્રી આર. એસ. રામાણી એ દલીલ કરેલ છે કે, હાલના કેસમાં ફરીયાદી એ જુબાની આપી આરોપીઓ પાસેથી નમુનો નિયમ મુજબ લેવામાં આવેલ છે તે સાબિત કરેલ છે અને આ નમુનો અનસેફ અને સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ છે તેવુ આંક ૧03 ના ફુડ એનાલીસ્ટ ના રીપોર્ટ થી સાબિત થયેલ છે. વધુમાં આ તમામ હકીકત બાબતે ફરીયાદી એ તમામ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે અને તે તમામ દસ્તાવેજી પુરાવા બાબતે ફરીયાદી એ પોતાની જુબાનીમાં પુરાવો પણ આપેલ છે જેથી આ તમામ પુરાવાઓ ધ્યાને લઇ આરોપીઓને દોષિત ઠરાવી વધુમાં વધુ કેદ ની સજા અને વધુમાં વધુ દંડ કરવા વિનંતી કરેલ છે.

5.2. મુળ ફરીયાદી તરફે દલીલો :-

મુળ ફરીયાદી તરફે ફુડ સેફટી ઓફીસર એ હાલના કેસમાં આંક ૧૫૪ થી લેખિત દલીલ આપેલ છે અને જણાવેલ છે કે, ફરીયાદી ને કાયદા મુજબ ફુડ સેફટી ઓફીસર ની સતા હોઇ તેઓએ નિયમ મુજબ તારીખ ૨૩/03/૨૦૧૫ ના રોજ આરોપી નંબર ૧ પાસેથી મરચાના પાવડર નો નમુનો લીધેલ અને પૃથ્થકરણ માટે મોકલેલ અને આરોપીઓ પાસેથી મળેલ માહીતી મુજબ આરોપીઓ દ્વારા આપવામાં આવેલ આંક ૮૯, ૯0, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૨ થી ૧૨૫ મુજબ આરોપીઓ

પેઢીના જવાબદાર ઈસમો છે તે પણ સાબિત થયેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે તેઓએ લીધેલ નમુનો ફુડ એનાલીસ્ટ ને મોકલતા તે અંગેનો અહેવાલ તેઓની કચેરી ને તારીખ ૦૮/૦૫/૨૦૧૫ ના રોજ મળેલ અને તે મુજબ આ નમુનો unsafe food તથા substandard જાહેર થયેલ જેથી તેની એક નકલ એફ.બી.ઓ. ને મોકલેલ અને ફેર તપાસ ના હકક ના લાભ માટે મોકલાવેલ પરંતુ આરોપીઓ તરફથી ફેર તપાસ કરવામાં આવેલ ન હોઈ આ અહેવાલ આખરી અને માન્ય ઠરેલ છે. આમ, ઉપરોકત જણાવેલ અહેવાલ હાલના કામે આંક ૧03 થી રજુ થયેલ છે જે મુજબ આ નમુનો પ્રતિબંધિત અને substandard જાહેર થયેલ છે જેથી તેઓએ આંક ૧3૨ થી મંજુરી માંગેલ અને આંક ૧33 મુજબ કચેરી આદેશ મળતા તેઓએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે અને ફરીયાદી તરફે આંક ૮૭ થી ફુડ સેફટી ઓફીસર એ જુબાની આપેલ છે અને હાલના કામે રજુ થયેલ આંક ૮૮ થી ૧33 સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે અને જે બાબતે આરોપીઓ તરફે ફોર્મલ બચાવ લીધેલ છે.

વધુમાં તેઓએ રજુઆત કરેલ છે કે હાલના કામે પંચ સાક્ષી મળી આવેલ નથી પરંતુ આંક ૯૧ થી ૯૪ ના તમામ દસ્તાવેજોમાં ફરીયાદી એ સહી કરેલ હોઇ તમામ પુરાવો માન્ય રાખવા વિનંતી કરેલ છે અને તે બાબતે તેઓએ સ્ટેટ ઓફ યુ. પી. વિરૂધ્ધ હનીફ ના કેસ ના ચુકાદા તેમજ પૃથ્વીરાજ ડાહયાભાઇ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ના ચુકાદા પર આધાર રાખેલ છે પરંતુ આવા કોઇ ચુકાદા મુળ ફરીયાદી તરફે રજુ કરવામાં આવેલ નથી.

વધુમાં તેઓ જણાવે છે કે ફુડ એનાલીસ્ટ એ તેઓને મળેલ નમુનો અયોગ્ય રીતે મોકલેલ છે તેવો કોઇ અભિપ્રાય આપેલ નથી જેથી જે નમુનો લેવામાં આવેલ છે તે નિયમ મુજબ જ લેવામાં આવેલ છે જેથી આરોપી તરફે ફરીયાદી ની ઉલટ તપાસમાં નમુનો લેવામાં થયેલ કાર્યવાહી બાબતે જે બચાવ લેવાનો પ્રયત્ન કરેલ છે તે માન્ય રાખી શકાય નહી.

વધુમાં તેઓ જણાવે છે કે હાલના કામે જે નમુનો લેવામાં આવેલ છે તે નમુનો કંપની પેક હોઇ તેમાં પ્રિઝરવેટીવ નાખવાની કોઇ જોગવાઇ નથી તેમ છતા આરોપી તરફે ફરીયાદી ની ઉલટ તપાસમાં આવો બચાવ લેવામા  આવેલ છે જે માન્ય રાખી શકાય તેમ નથી.

વધુમાં તેઓ જણાવે છે કે આંક ૧૦૩ મુજબ નો ફુડ એનાલીસ્ટ નો અહેવાલ એ આરોપી તરફે સ્વીકૃત કરેલ છે અને તે લેબોરેટરી માન્ય નથી તેવો કોઇ પુરાવો આરોપી તરફે રજુ થયેલ નથી. વધુમાં આરોપીઓ ખાધ્ય પદાર્થ નુ વેચાણ કરતા નથી અને આવો કોઇ નમુનો લેવામાં આવેલ નથી તેવો બચાવ આરોપીએ કરેલ નથી જેથી આ તમામ હકીકત ધ્યાને લઇ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લઇ આરોપીઓને કાયદા મુજબ મહતમ સજા અને દંડ કરવા વિનંતી કરેલ છે.

5.3. આરોપીઓ તરફે દલીલો :-

આરોપીઓ તરફે વિદ્વાન વકિલશ્રી એમ.ડી.મોદી તરફે રજુઆત છે કે હાલના કેસમાં આરોપીઓ સામે કેસ સાબિત કરવાની જવાબદારી એ ફરીયાદપક્ષ ની છે. વધુમાં તેઓ જણાવે છે કે નમુનો સીલબંધ કવરમાં હતો તે સાબિત કરવુ જોઇએ.

વધુમાં તેઓ જણાવે છે કે રૂલ્સ ૨.૪.૧.૯ (૩) નો મુજબ પેકીંગ બરાબર વાળેલુ હોવુ જોઇએ જેનો હાલના કેસમાં ભંગ થયેલ છે. વધુમાં તેમના તરફે રજુઆત છે કે, આરોપીઓ નંબર ૨ થી ૬ ને રીએનાલીસીસ માટે તક આપવામાં આવેલ નથી. વધુમાં તેમના તરફે રજુઆત છે કે નમુનો તારીખ ૨૩/૦૩/૨૦૧૫ ના લીધેલ છે અને એફ.એસ.એલ ને તારીખ ૦૧/૦૫/૨૦૧૫ ના મળેલ છે જે ૩૮ દીવસ બાદ મળેલ છે જેથી રૂલ્સ ૨.૪.૨.૫ મુજબ ૧૪ દીવસ નો સમય આપવામાં આવેલ છે જેથી નિયમનો ભંગ થયેલ છે. વધુમાં તેમના તરફે રજુઆત છે કે આંક ૧૦૩ ના પોઈન્ટ નંબર ૫ ધ્યાને લેતા તેમાં ડીજીએસસી મેથડ લખેલ છે પરંતુ આ મેથડ યોગ્ય નથી તેવુ જજમેન્ટો માં ઠરાવવામાં આવેલ છે. વધુમાં તેમના તરફે રજુઆત છે કે જો યોગ્ય રીતે ચકાસણી રીપોર્ટ ન હોય તો તે માત્ર પેપર જ કહેવાય. વધુમાં તેમના તરફે રજુઆત છે કે હાલના નમુના ની કામગીરી કરનાર એ રેગ્યુલર અધિકારી નથી પરંતુ ઇન્ચાર્જ અધિકારી છે અને તેઓને સહી કરવાની સતા રૂલ્સ મુજબ નથી. વધુમાં આરોપીઓ તરફે રજુઆત છે કે હાલની ફરીયાદમાં આરોપીઓ ડીરેકટર તરીકે કામગીરીમાં સંકળાયેલ હતા કે કેમ તે જણાવેલ નથી જે હકીકત ફરીયાદી એ જુબાની ની ઉલટ તપાસ માં સ્વીકારેલ છે. વધુમાં ફરીયાદ ને મંજુરી આપતા પહેલા પેપર્સ તપાસવા જોઇએ જે તપાસવામાં આવેલ નથી તેમજ નિમણુક ઓથોરીટી પણ રજુ કરેલ નથી. વધુમાં તેમના તરફે રજુઆત છે કે, હાલના કેસમાં આરોપીઓને કલમ ૪૬(૪) મુજબ નોટીસ આપેલ નથી જે આરોપીઓ તરફે ફરીયાદી ની ઉલટ તપાસમાં ચેલેન્જ કરવામાં આવેલ છે. આમ, હાલના આરોપીઓ સામે હાલની ફરીયાદમાં જણાવ્યા

મુજબ નો કોઈ સાબિત થતો ન હોઈ હાલના કેસના તમામ આરોપીઓને છોડી મુકવા અરજ કરેલી છે.

**6. મુદ્દાઓ :-**

6.1. શું ફરિયાદ પક્ષની એ હકીકત સાબિત કરે છે કે, હાલના કેસના આરોપીઓએ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ ૨૦૦૬ ની કલમ ૩(૧)(zz) (vii) મુજબ અનસેફ તથા કલમ ૩(૧)(zx) મુજબ સબ સ્ટાન્ડર્ડ ખાધ્યચીજ નુ ઉત્પાદન/પેકીંગ/ સંગ્રહ/ડીસ્ટ્રીબ્યુશન/ વેચાણ બદલ કલમ ૨૬(૧), ૨૬(૨)(i), ૨૬(ii), ૨૭(ii), ૨૭(૧), ૨૭(૨)(c) મુજબનો ભંગ કરી કલમ ૫૧ અને ૫૯ મુજબનો ગુનો કરેલ છે?

6.2. શું હુકમ ?

**7. નિર્ણયો :-**

7.1. નકારમાં.

7.2. આખરી હુકમ મુજબ.

**-: કારણો :-**

**8.** ફરિયાદપક્ષ ના પૂરવાનું મૂલ્યાંકન કરતા પહેલા ફોજદારી કાર્યવાહીમાં પૂરાવાનું મૂલ્યાંકન, વિશ્લેષણ કરતી વખતે પ્રસ્થાપિત થયેલ કેટલાક સિદ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે.

8.1. ફોજદારી કાયદા મુજબ ફરિયાદપક્ષે આરોપી સામે પોતાનો કેસ નિશંક પુરાવાથી પુરવાર કરવાનો રહે છે. જ્યારે આરોપીપક્ષે પોતાનો બચાવ સંભવિતતા ના સિદ્ધાંત

ઉપર પુરવાર કરવાનો રહે છે અને તે માટે આરોપી પક્ષ ફરિયાદ પક્ષના સાક્ષીઓના પુરાવા દરમ્યાન ઉલટ તપાસમાં તે હકીકત પુરવાર કરી શકે છે.

8.2. જ્યારે કોઈ કિસ્સામાં ફરિયાદપક્ષના સાક્ષીઓના પુરાવામાં કોઈ ગૌણ અને ક્ષુલ્લક વિરોધાભાસ હોય તો તેને લઈને ફરિયાદપક્ષ ના કેસને કોઈ નુકશાન થતું નથી પરંતુ જો સાક્ષીઓનો પુરાવો મહત્વની બાબતો માં વિરોધાભાસી અને અસંગતતા ભર્યો હોય તો તેવા પ્રસંગે તે હકીકત ફરિયાદ પક્ષની વિપરીત જાય છે.

8.3. ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૧૩૪ લક્ષમાં લેતા કોઈ એક હકીકત સાબિત કરવા સાક્ષીઓ ની સંખ્યા હોવી જરૂરી નથી. એટલે કે, સાક્ષીઓની સંખ્યા/જથ્થો નહિ પણ પુરાવાની ગુણવત્તા કે સાક્ષીઓ ના પુરાવાની વિશ્વસનીયતા મહત્વની છે.

8.4. ફોજદારી કાયદાનો એ સિદ્ધાંત પણ સુસ્થાપિત છે કે, ફોજદારી કેસમાં જે કંઈ પણ નિર્ણય ઉપલી અદાલતે આપેલ હોય છે તે જે તે કિસ્સાની સંબંધિત હકીકતો અને સંજોગો આધારિત હોય છે અને તે નિર્ણય તમામ કેસ ની હકીકતોમાં આપોઆપ લાગુ પડતા નથી. અદાલતે પોતાની સમક્ષના જે તે કિસ્સાની હકીકતો અને સંજોગો તથા રેકર્ડ પરના પુરાવાના અનુસંધાને જે તે કિસ્સામાં નિર્ણય લેવાનો રહે છે.

**9.** હાલના કેસમાં ફરીયાદપક્ષ તરફે આરોપીઓ સામે હાલના કેસનો ગુન્હો સાબિત કરવા માટે ફરીયાદી પ્રિતેશ કુમાર મનુભાઇ મકવાણા ને આંક ૮૭ થી તપાસેલ છે તે સિવાય હાલની ફરીયાદ માં જણાવેલ સાક્ષી સાહીલ હારૂનભાઇ શાહમદાર સામે બે વખત પ્રોસેસ ઇસ્યુ કરતા તેઓ ફરીયાદમાં જણાવેલ સરનામે રહેતા નથી તેવા શેરા સાથે પરત આવેલ છે અને તે જ કારણસર આંક ૧૪૦ થી સાક્ષી સમન્સ વગર

બજે રેકર્ડમાં પરત આવેલ છે. આમ, હાલના કેસમાં એકમાત્ર ફરીયાદી નો પુરાવો ઉપલબ્ધ છે જેથી આ તબકકે ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ ૧૩૪ ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

SECTION 134 : Number of witnesses

No particular number of witnesses shall in any case be required for the proof of any fact.

આમ, ઉપરોકત કલમ માં કોઈપણ હકીકત ના પુરાવા માટે કોઇપણ સંજોગો માં સાક્ષીઓ ની ચોકકસ સંખ્યા ની જરૂર રહેશે નહી તેવી જોગવાઇ છે જેથી ઉપરોકત જણાવ્યા મુજબ હાલના કેસમાં હાલના આરોપીઓ સામે હાલનો કેસ સાબિત કરવા માટે ફરીયાદી જ એકમાત્ર સાક્ષી છે અને તેઓએ રજુ કરેલ દસ્તાવેજો નુ મુલ્યાંકન ઉપરોકત કલમ ૧૩૪ ધ્યાને લઈને કરવાનુ રહે છે.

**10.** આમ, હાલના કામે આંક ૮૭ થી ફરીયાદી પ્રિતેશ કુમાર મનુભાઈ મકવાણા ની જુબાની ધ્યાને લેતા તેઓ જણાવે છે કે, તેઓ ગુજરાત રાજયના તમામ સ્થાનીક વિસ્તાર માટે નોટીફાઈડ ફુડ સેફટી ઓફીસર છે જે અંગેનુ જાહેરનામુ તેઓ આંક ૮૮ થી રજુ કરે છે. વધુમાં તેઓ જણાવે છે કે તેઓ જામનગરમાં ફરજ બજાવતા હતા તે દરમ્યાન તેઓને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ ૨૦૦૬ ની જોગવાઇ મુજબ શંકાસ્પદ ખાધ્યપદાર્થ ના નમુના લેવાની અને સબ સ્ટાન્ડર્ડ અને અનસેફ જાહેર થયેલ નમુનાના કામે જવાબદાર વ્યકિત અને પેઢીઓ સામે કલમ 30 મુજબ મંજુરી મેળવી ફરીયાદ દાખલ કરવાની જવાબદારી હતી. વધુમાં તેઓ જણાવે છે કે, તારીખ ૨૩/03/૨૦૧૫

ના રોજ તેઓએ ધ્રોલ ખાતે જામનગર રોડ પર આવેલ ધરતી ટ્રેડીંગ નામની પેઢીમાં સાક્ષી રૂબરૂ તપાસ કરેલ અને પેઢીમાં હાજર ફુડ બિઝનેસ ઓપરેટર ને તેઓના નામ અને પેઢીના માલીક બાબતે પુછતા તેઓએ પોતાનુ નામ જગદીશભાઇ ઠાકરશીભાઇ ચણીયારા જણાવેલ અને તેઓ પેઢીના માલીક અને સંચાલક છે અને તેઓને લાયસન્સ બાબતે પુછતા તેઓએ પી.એફ.એ. મુજબ નુ જુનુ લાયસન્સ અને વેચાણ વેરા લાયસન્સ રજુ કરેલ જે હાલના કામે ઉપરોકત ફરીયાદી એ અનુક્રમે આંક ૮૯ અને ૯૦ થી રજુ કરેલ છે જે આંક ૮૯ માં ગણેશભાઇ લખેલ છે તે બાબતે ફરીયાદી એ પુછતા જગદીશભાઇ એ જણાવેલ કે તેઓ બે નામથી ઓળખાય છે જે બાબતે ફરીયાદી એ આંક ૮૯ પાછળ તેમનુ નિવેદન નોંધેલ છે.

વધુમાં ફરીયાદી જણાવે છે કે ઉપરોકત પેઢીમાં તેઓએ ખાધ્યપદાર્થ નો અલગ અલગ સામાન પેકીંગમાં જોયેલો તે પૈકી તેઓએ ઓટીસી મસાલા બ્રાન્ડ ૫૦૦ ગ્રામ મરચા પાવડર ના પેકેટમાં પ્રાથમીક રીતે ભેળસેળ ની શંકા જતા તેઓએ ફુડ બિઝનેસ ઓપરેટર ને આ પેકેટ પૃથ્થકરણ માટે કબજે કરવાનુ જણાવેલ અને ફોર્મ નંબર ૫ માં એફ.બી.ઓ (ફુડ બિઝનેસ ઓપરેટર) ની સહી, સાક્ષીની સહી અને પોતાની સહી કરેલ અને એક અસલ એફ.બી.ઓ. ને આપેલ અને તેની એક સ્થળપ્રત આંક ૯૧ થી ફરીયાદી હાલના કામે રજુ કરે છે. વધુમાં તેઓ જણાવે છે કે તેઓએ આવા ચાર પેકેટ ના નમુના લીધેલ અને તેમાં જણાવેલ કિમત રૂપીયા ૧૨૦/- મુજબ કુલ રૂપીયા ૪૨૦/- એફ.બી.ઓ.ને સાક્ષી રૂબરૂ આપેલ અને તે અંગેની પાવતી તેઓ હાલના કામે આંક ૯૨ થી રજુ કરે છે. ત્યારબાદ આ ચારેય નમુના તેઓએ

નિયમ મુજબ સીલ કરી તેના પર લેબલ ચોટાડેલ જે લેબલ ની સ્થળપ્રત તેઓ હાલના કામે આંક ૯૩ થી રજુ કરે છે. ત્યારબાદ તેઓએ આ નમુનાઓ પર નિયમ મુજબ લાખ થી શીલ મારેલ અને ચાર નમુના માંથી એક નમુનો એફ.બી.ઓ. ને સ્વખર્ચે પૃથ્થકરણ કરાવવા માટે જણાવતા તેઓએ ના પાડેલ અને આ તમામ કાર્યવાહી નુ રોજકામ કરી ફરીયાદીએ પોતાની, આરોપી ની અને સાક્ષી ની સહી કરાવેલી જે પંચ રોજકામ તેઓ હાલના કામે આંક ૯૪ થી રજુ કરેલ છે. ત્યારબાદ સદર નમુનાનુ એક સેમ્પલ ભાગ મેમોરેન્ડ ફોર્મ ૬ સહીત શીલબંધ બ્રાઉન પેપરની કોથળીમા ફુડ એનાલીસ્ટ શ્રી ખોરાક અને ઔષધ પ્રયોગ શાળા, વડોદરાને પૃથ્થકરણ અર્થે ડેજીગ્રેટેડ ઓફીસરશ્રી જામનગરની જાણ હેઠળ એસ.ટી. પાર્સલ થી નમુનો લીધા તારીખ ૨૩.૦૩.૧૫ ના રોજ મોકલી આપેલ જે મેમોરેન્ડમ આંક ૯૫ થી રજુ કરેલ છે તથા એસ.ટી. પાર્સલની પહોચ આંક ૯૬ થી રજુ કરેલ છે ત્યારબાદ તારીખ ૨૪.૦૩.૧૫ ના રોજ મેમોરેન્ડ ફોર્મની એક નકલ તથા નમુનો લેવાની કાર્યવાહીમાં ઉપયોગમાં લેવામાં આવેલ શીલની છાપ ધરાવતો ફુડ એનાલીસ્ટ વડોદરાને લખેલ પત્ર અલગથી શીલબંધ કવરમાં આર.પી.એડી થી મોકલી આપેલ જે પત્રની સ્થળપ્રત આંક ૯૭ થી તથા આર.પી.એડીની પહોચ આંક ૯૮ થી રજુ કરેલ છે. ત્યારબાદ ફરીયાદી એ ઉપરોકત નમુનો ફુડ એનાલીસ્ટને મળ્યા અંગેની પહોચ આંક ૯૯ થી રજુ કરેલ છે અને આ કામના ઉત્પાદક પેઢીને નમુનો લીધાની જાણ કરતી ફોર્મ ૫ એ ની નોટીસ જેની નકલ આંક ૧૦૦ થી તથા આર.પી.એડી.ની પહોંચ આંક ૧૦૧ થી રજુ કરેલ છે.

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**ધ્રોલ.**

વધુમાં ફરીયાદી જુબાનીમાં જણાવે છે કે, ફુડ એનાલીસ્ટશ્રી વડોદરાએ સદર નમુનાનુ પૃથ્થકરણ કરી તેઓનો પૃથ્થકરણ અહેવાલ ક્રમાંક કયુ-૨/૭૫૬/૨૦૧૫, તારીખ ૦૮.૦૫.૨૦૧૫ થી અનસેઈફ તેમજ સબસ્ટાન્ડ જાહેર કરેલુ છે અને સદર નમુનામાં (૧) એકસ્ટ્રાસનિયર કલરીંગ મેટર તરીકે નોન પરમીટેડ ઓઈલ સોલ્યુબલ પીક કલર સિન્થેટીક ડાઈટની હાજરી જોવા મળેલ છે જે રેગ્યુલેશન નંબર ૩.૧.૨ મુજબ ના હોવુ જોઈએ, (૨) ફોરેન્સ સ્ટાર્ચ તરીકે ઘઉં તેમજ ચોખા નો સ્ટાર્ચ મળી આવેલ છે જે રેગ્યુલેશન નંબર ૨.૯.૩ (૨) મુજબ ના હોવુ જોઈએ.

આમ, ફરીયાદી જણાવે છે કે, સદર નમુનો પૃથ્થકરણ અહેવાલ મુજબ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ ૨૦૦૬ ની કલમ ૩ (૧) (ઝેડઝેડ) (૮) મુજબ અનસેઈફ અને આજ કાયદાની કલમ ૩ (૧) (ઝેડએકસ) મુજબ સબ સ્ટાન્ડર્ડ જાહેર થયેલ છે. આમ, આવુ અનસેઈફ તેમજ સબસ્ટાન્ડર્ડ મરચા પાવડર ઓટીસી બ્રાન્ડ પેક નમુના વાડી ખાધ્યચીજ ઉત્પાદક/પેકર પેઢી તેમજ તેના જવાબદારો અનુક્રમે આરોપીઓ નંબર ૩ થી ૬ એ ઉત્પાદન / સંગ્રહ / વેચાણ કરી સદર કાયદા ની કલમ ૨૬(૧), ૨૬(૨)(૧), ૨૬(૨)(૨) તેમજ ૨૭(૧) નો ભંગ કરેલ તેમજ ડ્રીસ્ટ્રીબ્યુટર પેઢી અને તેના માલીકે અનુક્રમ નંબર ૨ એ કાયદા ની કલમ ૨૭(૧), ૨૬(૨)(૧), ૨૬(૨)(૨), ૨૭(૨)(સી) નો ભંગ કરેલ તેમજ આ કામે નમુનો વેચાણ આપનાર અને ધરતી ટ્રેડીંગના માલીક જગદીશભાઈ ઉર્ફે ગણેશભાઈ ઠાકરશીભાઈ ચણીયારાએ સદર કાયદાની કલમ ૨૬(૧), ૨૬(૨)(૧), ૨૬(૨)(૨) નો ભંગ કરી આ કામના તમામ આરોપીઓ સદર કાયદાના કલમ ૫૧ તથા ૫૯ હેઠળ સજા તેમજ દંડને પાત્ર ઠરે છે

જેથી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટની કલમ ૪૬(૪) મુજબ સદર નમુનાનુ ફેર પૃથ્થકરણ રેફરલ લેબોરેટરી ખાતે કરાવવા ઈચ્છતા હોય તો ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ રૂલ ૨.૪.૬(૧) મુજબ સમય મર્યાદામાં અરજી કરવા ડીઓશ્રી એ ફુડ એનાલીસ્ટના રીપોર્ટની એક નકલ નિયમ ૨.૪.૨(૬) મુજબ રજીસ્ટર્ડ પોસ્ટ એડી થી આ કામના તમામ આરોપીઓને મોકલી આપેલ જેના અનુસંધાને કોઇએ પણ સમય મર્યાદામા સદર નમુનાનુ ફેર પૃથ્થકરણ કરાવવા અર્થે અરજી કરેલ નથી જે ફેર પૃથ્થકરણ માટે લખેલ પત્રની એક નકલ આંક ૧૦૨ થી રજુ કરેલ છે તથા પૃથ્થકરણ અહેવાલ આંક ૧૦૩ થી રજુ કરેલ છે અને નમુનાના બાકી રહેલ ત્રણ ભાગો ડીઓશ્રી તેમા ઠરાવેલ તે અંગેનો પત્ર આંક ૧૦૪ થી રજુ કરેલ છે.

વધુમાં તેઓ જણાવે છે કે, આરોપી નંબર ૧ ની પાસેથી પેઢીના બંધારણ અંગેની માહીતી મોકલવા અંગેનો પત્ર આંક ૧૦૫ થી તથા આર.પી.એડી.ની પહોંચ આક ૧૦૬ થી રજુ કરેલ છે. આરોપી નંબર ૭ પેઢીના ઉત્પાદક પાસેથી પેઢીના બંધારણ અંગેની માહીતી મોકલવા અંગેનો પત્ર આંક ૧૦૭ થી તથા આર. પી.એડી.ની પહોચ આંક ૧૦૮ થી રજુ કરેલ છે. આરોપી નંબર ૧ ની પાસેથી ફરીથી પેઢીના બંધારણ અંગેની માહીતી મોકલવા અંગેનો પત્ર આંક ૧૦૯ થી તથા આર.પી.એડી.ની પહોંચ આંક ૧૧૦ થી રજુ કરેલ છે અને આરોપી નંબર ૭ પેઢીના ઉત્પાદક પાસેથી ફરીથી પેઢીના બંધારણ અંગેની માહીતી મોકલવા અંગેનો પત્ર આંક ૧૧૧ થી તથા આર.પી.એડી.ની પહોંચ આંક ૧૧૨ થી રજુ કરેલ છે અને આરોપી નંબર ૨ ની પાસેથી પેઢીના બંધારણ અંગેની માહીતી મોકલવા અંગેનો પત્ર આંક

૧૧૩ થી તથા આર.પી.એડી.ની પહોચ આંક ૧૧૪ થી રજુ કરેલ છે તથા આરોપી નંબર ૨ ને આર.પી.એડી થી મોકલેલ ફોર્મ ૫ એ ની નોટીસ આંક ૧૧૫ થી તથા આર.પી.એડી ની સ્લીપ આંક ૧૧૬ થી રજુ કરેલ છે. આરોપી નંબર ૧ એ આરોપી નંબર ૨ પાસેથી જે માલ ખરીદ કરેલ તેનુ બીલ તેઓને પત્ર સાથે મોકલેલ તે પત્ર આંક ૧૧૭ થી તથા આરોપી નંબર ૨ એ ઉત્પાદક પાસેથી ખરીદ કરેલ બીલ તેઓને પત્ર સાથે મોકલેલ તે પત્ર આંક ૧૧૮ થી રજુ કરેલ છે. આરોપી નંબર ૨ એ મોકલેલ તેઓએ ફુડ લાઈસન્સ મેળવવા માટે કરેલ અરજી ની નકલ આંક ૧૧૯ થી રજુ કરેલ છે તેમજ ઉત્પાદક પેઢીને ત્રીજી વાર પેઢી ના બંધારણની માહીતી મોકલવા બાબતે લખેલ પત્ર આંક ૧૨૦ થી તેમજ આર.પી.એડી ની પહોંચ આંક ૧૨૧ થી રજુ કરેલ છે તેમજ ઉત્પાદ પેઢીએ મોકલેલ પેઢીનુ લાઇસન્સ તથા ઉત્પાદક પેઢીના ડાઈરેકટશ્રીઓ ના નામ દર્શાવતુ પત્ર તેમજ પેઢીનુ બંધારણ અનુક્રમે દાખલ આંક ૧૨૨, આંક ૧૨૩ અને આંક ૧૨૪ થી રજુ કરેલ છે.

વધુમાં ફરીયાદી જણાવે છે કે, તેઓએ આ તપાસના આધારે ડીઓશ્રી દ્વારા કોર્ટ માં કેસ કરવા બાબતે ફરીયાદી ને લખેલ પત્ર આંક ૧૨૫ થી રજુ કરેલ છે અને આરોપી નંબર ૨ પાસે થી ફુડ લાઈસન્સ મંગાવવા અંગેનો પત્ર આંક ૧૨૬ થી તેમજ આર.પી.એડીની પહોંચ આંક ૧૨૭ થી રજુ કરેલ છે. ત્યારબાદ ફરીયાદી એ આરોપી નંબર ૨ ને મોકલેલ ફેર પૃથ્થકરણ ની નોટીસ આંક ૧૨૮ થી રજુ તથા આરોપી નંબર ૨ એ મોકલેલ ફુડ લાઈસન્સની નકલ સાથેનો પત્ર આંક ૧૨૯ થી રજુ કરેલ છે. વધુમાં ફરીયાદીએ આરોપીઓ સામે ફરીયાદ દાખલ કરવા જરૂરી મંજુરી આપવા

તારીખ ૧૯.૦૯.૨૦૧૫ ના પત્ર થી ડી.ઓ.શ્રી.ને જરૂરી દસ્તાવેજી કાગળોની નકલો સાથે લખેલ પત્ર આંક ૧૩૦ થી રજુ કરેલ છે અને જે ડી.ઓ.શ્રી એ નાયબ કમિશ્નરશ્રી (ફુડ), ગાંધીનગરને જરૂરી મંજુરી મંગાવવા સારુ પત્ર મુકી આપેલ છે જેના અનુસંધાને નાયબ કમિશ્નરશ્રી (ખોરાક), ગાંધીનગર એ તેઓના તારીખ ૨૩.૦૨.૨૦૧૬ ના પત્ર સાથે મંજુરી આદેશ મોકલેલ જે ફોરવર્ડીંગ પત્ર આંક ૧૩૧ થી તથા મંજુરી આદેશ આંક ૧૩૨ થી તેમજ કમિશ્નરશ્રી ઓફ ફુડ સેફટી દ્વારા કેસ દાખલ કરવા માટે મંજુરી માટે નાયબ કમિશ્નરશ્રી (ખોરાક) સત્તા સોપવાનો કરેલ હુકમ આંક ૧૩૩ થી રજુ કરેલ છે જે મુજબ ફરીયાદી એ નામદાર કોર્ટ સમક્ષ ફરીયાદ દાખલ કરેલ છે જે ફરીયાદ આંક ૧ વાળી તેઓને બતાવવામા આવે છે જેમા તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

ઉપરોકત ફરીયાદી ની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ કરવામાં આવેલ છે જે પૈકી કેટલીક હકીકતો ધ્યાને લેવામાં આવે તો તેઓ સ્વીકારે છે કે, સદર કાયદા હેઠળ ફુડ સેફટી ઓફીસરે ટ્રેનીંગ લેવી ફરજીયાત છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, જે ફુડ સેફટી ઓફીસર સદર કાયદા હેઠળ ટ્રેનીંગ લીધેલ હોય તેનું તેને પ્રમાણપત્ર આપવામા આવે છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, સદર કાયદાના નિયમ ૨.૪.૧.૭ મુજબ કન્ટેનર ઉપર શીલ મારવુ ફરજીયાત છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ સ્થળ પર કરેલ કાર્યવાહીનો ઉલ્લેખ કરેલ છે. વધુમાં તેઓને આંક ૯૪ બતાવવામાં આવે છે તેના પેજ નંબર ૨ ઉપર નમુના તરીકે વાપરેલ બ્રાઉન પેપર મજબુત હતુ કે તેના છેડા અંદરની બાજુએ વાળેલા હતા તેવું લખેલુ નથી. વધુમાં

તેઓ સ્વીકારે છે કે, આ બાબતે ફરીયાદમાં પણ તેઓએ જણાવેલું નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, સદર કાયદાની કલમ ૪૭(૬) મુજબ ફુડ સેફટી ઓફીસરશ્રી ફુડ એનાલીસ્ટ અને ડીઓ એ સદર કાયદાની તમામ જોગવાઈઓ નુ અક્ષરસહ ચુસ્તપણે પાલન કરવુ ફરજીયાત છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, ફોર્મ ૫ એ ની માહીતી સાચી અને પુરતી માહીતી આપવી ફરજીયાત છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આંક ૯૧, ૧૦૦ અને ૧૧૫ જોયા બાદ મંજુરી આપનાર અધીકારીએ તેઓને કોઈ ખુલાસો પુછેલો નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, મંજુરી કેસને સંબધીત તમામ કાગળો જોયા, વાંચ્યા અને તપાસ્યા બાદ, પુરતી તપાસ કર્યા કરાવ્યા બાદ, કાયદાની જોગવાઈઓ વંચાણે લીધા બાદ અને માઈન્ડ એપ્લાય કર્યા બાદ આપવાની હોય છે.

વધુમાં તેઓ સ્વીકારે છે કે, જો કોઈ દસ્તાવેજ માં ભુલ હોય તો મંજુરી આપતા અગાઉ મંજુરી આપનાર અધીકાર સૌપ્રથમ તે ભુલ સુધારવા જણાવે અને તે ભુલ સુધાર્યા બાદ મંજુરી આપે છે તેવી જ રીતે જોઈ કોઈ માહીતી ખુટતી હોય તો સૌપ્રથમ તે માહીતી બાબતે વધુ તપાસ કરવા જણાવે અને તે ખુટતી માહીતી પુરી કર્યા બાદ મંજુરી આપે છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, ગુજરાત રાજયમાં સ્ટેટ લેવલની કુલ ત્રણ લેબોરેટરી અલગ અલગ જગ્યાએ આવેલ છે જે રાજકોટ, બરોડા અને ભુજ આવેલી છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, એલ. એ. પઠાણ જામનગર ખાતે સીનીયર ફુડ સેફટી ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા અને તેઓને ડીઓ, જામનગરની ખાલી પડેલી જગ્યાનો વધારાનો હવાલો સોંપવામા આવેલો હતો.

વધુમાં તેઓ સ્વીકારે છે કે, ડીઓ ની પોસ્ટ એ કાયમી પોસ્ટ છે અને તે સીનીયર ફુડ સેફટી ઓફીસર કરતા ઉપલી કક્ષાની પોસ્ટ છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આ કામે એલ. એ. પઠાણે ડીઓ તરીકે જે કોઈ કામગીરી કરેલી તે વખતે તે ઈન્ચાર્જ ડીઓ તરીકે ફરજ બજાવતા હતા. વધુમાં તેઓ સ્વીકારે છે કે, એલ. એ. પઠાણ નિવૃત થયા ત્યા સુધી તેઓને ડીઓ તરીકે નુ કોઈ પ્રમોશન મળેલુ નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, જયારે કોઈ રજી.એડી કરવામા આવે ત્યારે રજી.એડી. કર્યા બદલ પોસ્ટ ખાતા તરફથી વીન્ડો સ્લીપ આપવામાં આવે છે અને પરત આવ્યે થી એકનોજમેન્ટ સ્લીપ આપવામાં આવે છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, સદર કાયદામાં આપવામાં આવેલ ફુડ બીઝનેઝ ઓપરેટરની વ્યાખ્યામાં આ કામના આરોપી નંબર ૧ નો સમાવેશ થઈ જાય છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આ કામના આરોપી નંબર ૧ સિવાય એટલે કે આરોપીઓ નંબર ૨ થી ૭ ને નમુનાનો ચોથો ભાગ તેઓ એફીડેટેડ લેબમાં મોકલવા માગે છે કે કેમ તેઓએ તેઓને લેખીત કે મોખીક માં જાણ કરેલી નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ ફુડ એનાલીસ્ટને નમુનો એસ. ટી. પાર્સલ થી તારીખ ૨૩.૦૩.૧૫ ના રોજ મોકલી આપેલ.

વધુમાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ આ નમુનો મોકલ્યા બાબતે કોઈ ટ્રેકીગ રીપોર્ટ કાઢેલો નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, ફુડ એનાલીસ્ટ આપેલ પહોંચ અને રીપોર્ટ માં જણાવ્યા મુજબ તેઓનો નમુનો તારીખ ૦૧.૦૫.૨૦૧૫ ના રોજ મળેલો આ વચ્ચેના સમયગાળા દરમ્યાન એસ. ટી. પાર્સલ થી નમુનો મોકલ્યો અને લેબ માં નમુનો હોય આ વચ્ચેના સમયગાળા દરમ્યાન નમુનો કઈ સ્થીતીમાં, કેવી રીતે, કયાં,

કોની કસ્ટડીમાં હતો તેની તેઓને કોઈ માહીતી નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આરોપી નંબર ૭ ની પેઢીના રોજબરોજના વહીવટ સાથે આરોપી નંબર ૩ થી ૬ પૈકી ખરેખર કોણ સંકળાયેલુ છે તે બાબતે મંજુરી આપતા અગાઉ મંજુરી આપનાર અધીકારીએ મને વધુ તપાસ કરાવવા જણાવેલુ નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, જો નમુનો યોગ્ય પધ્ધતીથી લેવામા ન આવે કે યોગ્ય પધ્ધતીથી તપાસવામાં ન આવે તો રીઝલ્ટ ખોટુ આવે છે. વધુમાં તેઓને આંક ૧૦૩ વાળો ફુડ પૃથ્થકરણનો રીપોર્ટ બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે તેમા દર્શાવેલ ટેસ્ટ નંબર ૫ ડીજીએચએસ લેબ મેન્યુઅલની પેપર કોમેટોગ્રાફી તથા ટીએલસી એટલે થીન લીયર કોમેટોગ્રાફી મેથડ થી કરેલો છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, રીપોર્ટમા દર્શાવેલ ટેસ્ટ નંબર ૭ એ માઈક્રોસ્કોપી થી કરવામા આવેલો ટેસ્ટ છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, માઈકોસ્કોપી ટેસ્ટ એ સુક્ષ્મ દર્શક યંત્ર વડે નરી આખે જોઈને કરવામા આવતો ભૈતીક ટેસ્ટ છે રાસાયણીક ટેસ્ટ નથી.

વધુમાં તેઓ સ્વીકારે છે કે, મરચા જયારે કાચા હોય ત્યારે તે લીલા કલરના હોય છે અને જેમ જેમ સમય જાય તેમ તેમ મરચા સુકાતા તે લાલ કલરના થઈ જતા હોય છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, મરચામાં સફેદ કલરના બી રહેલા હોય છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આખુ મરચુ પાવડર દરતા મરચા પાવડર તૈયાર થાય છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, લાલ અને સફેદ કલર ભેગા થતા ગુલાબી કલરનો સેડ બને છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આ કામે લીધેલ નમુનામાં તેઓએ કોઈ પ્રિઝરવેટીવ નાખેલ ન હતુ. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આ કાયદા હેઠળ નમુનો

તપાસવાની રીપોર્ટ આપવાની સત્તા એવી લેબોરેટરી છે કે જેને એનએબીએલ કરવામા આવેલી હોય અને તેને ફુડ ઓથોરીટી દ્વારા માન્યતા આપવામા આવેલી હોય. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આ કામનો નમુનો તપાસીને રીપોર્ટ આપનાર વડોદરાની લેબને એનએબીએલ કરવામા આવેલી હોય અને તેને ફુડ ઓથોરીટી દ્વારા માન્યતા આપવામા આવેલી હોય તેવો કોઈ પુરાવો તેઓએ આ કામે રજુ કરેલો નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આરોપીઓને કલમ ૪૬(૪) મુજબની નોટીસ મળે ત્યાર પછી જ તેને નમુનાની ફેરચકાસણી કરાવવાનો હકક ચાલુ થાય છે ત્યાર પહેલા નહી. આમ, ફરીયાદીની ઉપરોકત ઉલટ તપાસ ધ્યાને લેતા આરોપીઓ તરફે ફરીયાદી ની સક્ષમતા, નમુનો લેવાની કાર્યવાહી, નમુનો મોકલેલ તેની કાર્યવાહી, નમુનો ચકાસણી કરવામાં આવેલ તેની પધ્ધતી, ફુડ એનાલીસીસ લેબ ની ક્ષમતા વગેરે બાબતે બચાવ લેવાનો પ્રયત્ન કરેલ છે.

**11.** આમ, ફરીયાદી નો ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફરીયાદી એ સાક્ષીના રૂબરૂ નમુનો લીધેલ છે તેવો પુરાવો આપેલ છે પરંતુ કયા સાક્ષીના રૂબરૂ નમુનો લીધેલ છે તેવો પુરાવો આપેલ નથી. વધુમાં નમુનો લીધેલ ત્યારે કયા સાક્ષીની સહી છે તે બાબતે પણ તેઓએ કોઇ પુરાવો આપેલ નથી જેથી આ તબકકે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ રૂલ્સ ૨.૪.૧ (૧) અને (૨) ધ્યાને લેતા નીચે મુજબ છે.

RULE 2.4 : Sampling and Analysis

2.4.1: Procedure for taking sample and manner of sending it for analysis.-

The Food Safety Officer while taking sample of food for analysis under Clause A of sub-section (1) of Section 38 and Section 47 [except 47(5)] of the Act, shall also follow the procedure specified hereunder:-

1. Shall call one or more witnesses at the time of lifting of the samples.

2. Obtain the signatures from the witnesses in all the forms and documents prepared.

આમ, ઉપરોકત રૂલ્સ ધ્યાને લેતા તેમાં 'shall' શબ્દ પ્રયોજવામાં આવેલ છે જેથી તે મુજબ ફુડ સેફટી ઓફીસર એ નમુનો લેતી વખતે એક કે વધુ સાક્ષીઓને બોલાવવા ફરજીયાત છે અને સેમ્પલીંગ વખતે અને એનાલીસીસ માટે મોકલતી વખતે તમામ કાર્યવાહીના નમુના અને દસ્તાવેજ માં સાક્ષી ની સહી લેવી ફરજીયાત છે પરંતુ હાલના કેસમાં ફરીયાદી એ આપેલ આંક ૮૭ નો પુરાવો ધ્યાને લેતા તેઓએ કોઈ સાક્ષી ને બોલાવેલ હોય તેવો પુરાવો આપેલ નથી. વધુમાં ફરીયાદી એ નમુનો લેવા માટે ફોર્મ નંબર ૫(એ) મુજબ નોટીસ સાક્ષી રૂબરૂ આપેલ છે જે હાલના કામે આંક ૯૧ થી રજુ છે અને તેમાં સાક્ષી ની સહી લીધેલ છે તેવો પુરાવો આપેલ છે પરંતુ આંક ૯૧ માં **કયા સાક્ષી હતા અને તેનુ નામ શુ હતુ અને તેની સહી તેઓ ઓળખે છે કે કેમ તે બાબતે ફરીયાદી એ કોઈ પુરાવો આપેલ નથી.** વધુમાં ફરીયાદી એ તે જ રીતે આંક ૯૨ મુજબ નાણા ચુકવ્યા ની પહોંચ, આંક ૯૩ મુજબ

નમુના ઓ સીલ કરી તેના પર લેબલ ચોટાડેલ તે લેબલ ની સ્થળપ્રત, આંક ૯૪ મુજબ નુ અસલ પંચ રોજકામ આ તમામ દસ્તાવેજોમાં **કયા સાક્ષી હતા અને તેનુ નામ શુ હતુ અને તેની સહી તેઓ ઓળખે છે કે કેમ તે બાબતે કોઇ પુરાવો આપેલ નથી.**

આમ, ફરીયાદી દ્વારા નમુના લેવાની કાર્યવાહી ઉપરોકત જણાવેલ **નિયમ મુજબ સાક્ષીના રૂબરૂ કરવામાં આવેલ છે તે હકીકત પુરાવામાં સાબિત થયેલ નથી.**

**12.** વધુમાં હાલના કામે રજુ થયેલ આંક ૯૫ મુજબ ફૂડ એનાલીસ્ટ, વડોદરાને નમુનો એસ.ટી પાર્સલ થી તારીખ ૨૩/03/૨૦૧૫ ના રોજ મોકલેલ ફોર્મ ૬ અને આંક ૯૭ મુજબ ફૂડ એનાલીસ્ટ ને રજી.પો.એડી થી તારીખ ૨૪/03/૨૦૧૫ ના રોજ મોકલેલ (સ્પેશીમેન સીલ ઈમ્પ્રેશન સહિત) નો પત્ર ધ્યાને લેતા તેમાં ઉપરોકત જણાવ્યા મુજબ **રૂલ્સ ૨.૪.૧ (૨) મુજબ સાક્ષી ની સહી લેવામાં આવેલ નથી.**

આમ, ફરીયાદી એ લીધેલ નમુના બાદ આ નમુના ને એનાલીસીસ માટે મોકલવાની કાર્યવાહી માં સાક્ષી ની સહી લીધેલ નથી જેથી ઉપર જણાવ્યા મુજબ **રૂલ્સ ૨.૪.૧ (૨)નો ભંગ થયેલ છે તે સાબિત થાય છે.**

**13.** હાલના કેસમાં એકમાત્ર ફરીયાદી નો પુરાવો ઉપલબ્ધ છે અને અગાઉ ઉપર જણાવ્યા મુજબ ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ ૧૩૪ ધ્યાને લઇ ને ફરીયાદીનો ઉપરોકત પુરાવો ધ્યાને લેતા ફરીયાદી એ સેમ્પલીંગ ની પ્રક્રીયા નિયમ મુજબ સાબિત થાય તેવો કોઇ પુરાવો આપેલ નથી તેમજ સેમ્પલીંગ કર્યા બાદ

એનાલીસીસ માટે મોકલવા માટે નિયમનો ભંગ કરેલ છે જેથી ફરીયાદપક્ષ ની ઉપરોકત સેમ્પલીંગ અને એનાલીસીસી માં મોકલેલ કાર્યવાહીમાં માં શંકા ઉત્પન્ન થાય છે જેથી હાલના કામે રજુ થયેલ ફરીયાદી નો એકમાત્ર પુરાવો ફરીયાદપક્ષ ની હકીકત સાબિત કરવા માટે વિશ્વસનીય કહી શકાય તેમ નથી. વધુમાં હાલના કામે મુળ ફરીયાદી તરફે આંક ૧૫૪ થી રજુ થયેલ લેખિત દલીલમાં જણાવેલ સ્ટેટ ઓફ યુ.પી. વિરૂધ્ધ હનીફના કેસના ચુકાદા તેમજ પૃથ્વીરાજ ડાહયાભાઇ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ના જજમેન્ટો ધ્યાને લેતા તેમાં પણ જો ફરીયાદી નો પુરાવો વિશ્વસનીય જણાય તો ધ્યાને લેવો જોઇએ તેવુ ઠરાવવામાં આવેલ છે જયારે હાલના કેસમાં અગાઉ ઉપરોકત જણાવ્યા મુજબ ફરીયાદી નો પુરાવો વિશ્વસનીય જણાઇ આવેલ નથી જેથી આ જજમેન્ટો હાલના કેસમાં લાગુ પાડી શકાય તેમ નથી.

**14.** વધુમાં હાલના કેસમાં નમુનો તારીખ ૨૩/03/૨૦૧૫ ના લીધેલ છે અને એફ.એસ.એલ ને તારીખ 0૧/0૫/૨૦૧૫ ના મળેલ છે જે ૩૮ દીવસ બાદ મળેલ છે જેથી રૂલ્સ ૨.૪.૨.૫ મુજબ ૧૪ દીવસ નો સમય આપવામાં આવેલ છે તે નિયમનો ભંગ થયેલ છે તેવી આરોપી તરફે દલીલ કરવામાં આવેલ છે જેથી આ તબકકે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ રૂલ્સ ૨૦૧૧ ના રૂલ્સ ૨.૪.૨.૫ ધ્યાને લેતા નીચે મુજબ છે.

FOOD SAFETY AND STANDARDS RULES, 2011

2.4.2.5. On receipt of the sample, the Food Analyst shall analyse or cause to be analysed the sample and send the analysis report mentioning the method of analysis. The analysis report shall be as

per Form VII-A and four copies of the same shall be sent to the Designated Officer under whose jurisdiction the Food Safety Officer functions or the purchaser of article of food. The analysis report shall be signed by the Food Analyst and such report shall be sent within fourteen days of the receipt of the sample by the Food Analyst.

આમ, ઉપરોકત નિયમ મુજબ નમુનો મેળવ્યા બાદ ચૌદ દીવસ ની અંદર રીપોર્ટ મોકલવો જોઇએ જયારે હાલના કેસમાં ફરીયાદી તરફે રજુ થયેલ આંક ૧03 ફુડ એનાલીસ્ટ નો રીપોર્ટ ધ્યાને લેતા ફુડ એનાલીસ્ટ રીપોર્ટ મુજબ નમુનો ફુડ એનાલીસ્ટ લેબ ને તારીખ **૨૬/03/૨૦૧૫** ના રોજ મળેલ છે અને તેઓએ તારીખ **0૨/0૫/૨૦૧૫ થી 0૬/0૫/૨૦૧૫** વચ્ચે એનાલીસ્ટ કરેલ છે તેવુ જણાવેલ છે. આમ, ઉપરોકત તારીખ ધ્યાને લેતા ફુડ એનાલીસ્ટ એ નમુનો મળ્યાના **અંદાજીત ૩૭ દિવસ બાદ એનાલીસ્ટ કરેલ છે** જેથી તેઓ પંદર દિવસ ની અંદર રીપોર્ટ પરત મોકલી શકે નહી તે હકીકત રેકર્ડ પર સાબિત થયેલ છે જેથી અગાઉ ઉપર જણાવ્યા મુજબ **રૂલ્સ ૨.૪.૨.૫ નો ભંગ થયેલ છે તે સાબિત થાય છે.**

**15.** વધુમાં હાલના કેસમાં ફરીયાદી તરફે રજુ થયેલ **આંક ૯૯** નો પત્ર ધ્યાને લેતા હાલના કેસમાં ફરીયાદી એ લીધેલ નમુનો ફુડ એનાલીસ્ટ લેબ ને તારીખ **0૧/0૫/૨૦૧૫** ના રોજ મળેલ છે અને **આંક ૧03** ધ્યાને લેતા ફુડ એનાલીસ્ટ રીપોર્ટ મુજબ નમુનો ફુડ એનાલીસ્ટ લેબ ને તારીખ **૨૬/03/૨૦૧૫** ના રોજ મળેલ

છે. આમ, બે વિરોધાભાસી હકીકત રેકર્ડ પર આવેલ છે **જેથી ચોકકસ કઇ તારીખ ફુડ એનાલીસ્ટ ને નમુનો મળેલ છે તે બાબતે મહત્વનો વિરોધાભાસ સાબિત થાય છે જેથી ફરીયાદપક્ષ ની હકીકતમાં શંકા ઉત્પન્ન થાય છે.**

**16.** આમ, ઉપરોકત તમામ કારણો ધ્યાને લેતા હાલના કેસમાં ફરીયાદીપક્ષ તરફે રજુ થયેલ એકમાત્ર ફરીયાદીનો પુરાવો ધ્યાને હાલના કેસમાં અગાઉ ઉપર જણાવ્યા મુજબ નિયમોનો ભંગ થયેલ છે તેમજ યોગ્ય પુરાવો રજુ કરવામાં આવેલ નથી તેમજ જેથી ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓમાં અગાઉ ઉપર જણાવ્યા મુજબ મહત્વની હકીકતોમાં વિરોધાભાસ સાબિત થયેલ હોઇ ફરીયાદપક્ષ નો પુરાવો વિશ્વસનીય જણાઇ આવેલ નથી જેથી શંકા ઉત્પન્ન થયેલ હોઇ ફરીયાદીપક્ષ હાલના કેસના આરોપીઓ સામે નિ:શંકપણે કેસ પુરવાર થઇ શકે તેવો પુરાવો રજુ કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

1. હાલના કેસના આરોપી નંબર (૧) જગદીશભાઇ ઉર્ફે ગણેશભાઇ ઠાકરશીભાઇ ચણિયારા સરનામુ : ધરતી ટ્રેડીંગ, શાકમાર્કેટ પાસે, જામનગર રોડ, ધ્રોલ. (૨) સંજયભાઇ વ્રજલાલ મદલાલી ગાયત્રી એજન્સી સરનામુ : C/O દેવકરણ નરશીભાઇ એન્ડ કંપની પરા બજાર મેઇન રોડ, ઓધવજી વાલજી શેરી, રાજકોટ. (૩) બાબુભાઇ જીવરામ ભાનુશાલી સરનામુ : ઓટીસી સ્પાઇસીસ પ્રા. લિમિટેડ પ્લોટ નંબર ૧૨૭, જી.આઇ.ડી.સી. એસ્ટેટ, તાલુકો માંડવી, જીલ્લો કચ્છ. રહે. ગોકુલ વાટીકા બંગલો નંબર ૪, સી.એસ.રોડ આનંદ નગર, દહીંસર (પુર્વ), મુંબઇ. (૪) ભરત

બાબુભાઈ ભાનુશાલી સરનામુ : ઓટીસી સ્પાઈસીસ પ્રા. લિમિટેડ પ્લોટ નંબર ૧૨૭, જી.આઇ.ડી.સી. એસ્ટેટ, તાલુકો માંડવી, જીલ્લો કચ્છ. રહે. ગોકુલ વાટીકા બંગલો નંબર ૪, સી.એસ.રોડ આનંદ નગર, દહીંસર (પુર્વ), મુંબઇ. (૫) અરવિંદ બાબુભાઈ ભાનુશાલી સરનામુ : ઓટીસી સ્પાઈસીસ પ્રા. લિમિટેડ પ્લોટ નંબર ૧૨૭, જી.આઇ.ડી.સી. એસ્ટેટ, તાલુકો માંડવી, જીલ્લો કચ્છ. રહે. ગોકુલ વાટીકા બંગલો નંબર ૪, સી.એસ.રોડ આનંદ નગર, દહીંસર (પુર્વ), મુંબઇ. (૬) શંભુલાલ જીવરામ ભાનુશાલી સરનામુ : ઓટીસી સ્પાઈસીસ પ્રા. લિમિટેડ પ્લોટ નંબર ૧૨૭, જી.આઇ.ડી.સી. એસ્ટેટ, તાલુકો માંડવી, જીલ્લો કચ્છ. રહે. ગોકુલ વાટીકા બંગલો નંબર ૪, સી.એસ.રોડ આનંદ નગર, દહીંસર (પુર્વ), મુંબઇ. (૭) ઓટીસી સ્પાઈસીસ પ્રા. લિમિટેડ પ્લોટ નંબર ૧૨૭, જી.આઇ.ડી.સી. એસ્ટેટ, તાલુકો માંડવી, જીલ્લો કચ્છ. રહે. ગોકુલ વાટીકા બંગલો નંબર ૪, સી. એસ. રોડ આનંદ નગર, દહીંસર (પુર્વ), મુંબઇ ઉપરોકત તમામ આરોપીઓને હાલના કેસમાં ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ ૨૦૦૬ ની કલમ ૩ (૧) (zz) (vii) મુજબ અનસેફ તથા કલમ ૩(૧)(zx) મુજબ સબ સ્ટાન્ડર્ડ ખાધ્યચીજ નુ ઉત્પાદન / પેકીંગ / સંગ્રહ / ડીસ્ટ્રીબ્યુશન / વેચાણ બદલ કલમ ૨૬(૧), ૨૬(૨)(i), ૨૬(ii), ૨૭(ii), ૨૭(૧), ૨૭(૨)(c) મુજબનો ભંગ કરી કલમ ૫૧ અને ૫૯ મુજબ ના ગુનાઓમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

2. હાલના કેસના આરોપીઓના અગાઉના જામીન તથા જામીનખત રદ કરવામાં આવેલ છે અને આરોપીઓ નંબર (૧) થી (૬) એ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રૂપીયા ૧૦,૦૦૦/- ના જામીન અને તેટલી જ રકમના જાત જામીન ફોજદારી કાર્યરીતિ

સંહીતા ની કલમ ૪૩૭ (એ) મુજબ છ મહીના સુધીના સમયગાળા પુરતા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ સને ૨૦૨૬ ના એપ્રિલ મહીના ની તારીખ ૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૨૨/૦૪/૨૦૨૬

ધ્રોલ.

(મિલાપ એ. કોટડીયા)

(કોડ નંબર જીજે૦૧૬૩૪)

જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

ધ્રોલ.